# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080



## સંક્ષિપ્ત સમાચાર

### પાદરા વિઠ્ઠલનાથજી હવેલી મંદિરે ૧૧૦૦ કિલો કેસર કેરીથી ભવ્ય "કેરી મનોરથ" હજારો ભાવિકોએ ઉમટ્યા



**પાદરા :** પવિત્ર અધિક પુરુષોત્તમ માસ દરમિયાન પાદરા સ્થિત વિઠ્ઠલનાથજી હવેલી મંદિર ખાતે વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત અધિક વદ છઠના પાવન દિવસે ભવ્ય કેરી મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશરે ૧૧૦૦ કિલો કેસર કેરી તથા અંદાજે ૫૦૦૦ વિવિધ જાતની કેરીઓ વડે ભગવાન શ્રી ગોવર્ધનનાથજીને મનોરથરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. મંદિરમાં મહાપુરુષ શ્રી મહાપ્રભુજીનું પવિત્ર સ્વરૂપ પધરાવવામાં આવ્યું હતું. મંદિરના મુખ્યાજી જીતુભાઈના માર્ગદર્શન હેઠળ સમીર શાહ, ધવલ ચોકસી, નિકુંજ ચોકસી, શિલ્પન ચોકસી, જીગ્નેશ ચોકસી તથા સમસ્ત વૈષ્ણવ યુવા સંગઠન ટીમ દ્વારા આ ભવ્ય કેરી મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું.

### છુછાપુરા ગામે દરગાહ ખાતે લઘુમતી મોરચા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



**બોડેલી :** રાષ્ટ્રીય તેમજ ગુજરાત પ્રદેશ લઘુમતી મોરચાની સૂચના અનુસાર પર્યાવરણ દિવસ, યોગ દિવસ તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત આજરોજ છોટાઉદેપુર જિલ્લા લઘુમતી મોરચા દ્વારા સંખેડા અને બોડેલી તાલુકાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં છુછાપુરા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતાં વિવિધ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. પર્યાવરણ જાળવણી માટે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવાની અપીલ કરી હતી.

### યુવાનોમાં ફિટનેસ, સ્વાસ્થ્ય જાગૃતિ અને ટ્રાફિક નિયમોના પાલન અંગે સંદેશ આપ્યો



**પાવીજેતપુર :** પાવીજેતપુર પોલીસ દ્વારા "FIT INDIA" મૂવમેન્ટ અંતર્ગત સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનો અને નાગરિકોમાં શારીરિક તંદુરસ્તી, સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ તેમજ ટ્રાફિક નિયમોના પાલન અંગે જનજાગૃતિ ફેલાવવાનો હતો.રેલીમાં પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સાયકલ રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ડુંગરવાટ સુખી ડેમ સુધી ગઈ હતી, જ્યાં નાગરિકોને નિયમિત વ્યાયામ, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. પોલીસ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે "FIT INDIA" મૂવમેન્ટનો હેતુ લોકોમાં ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવી સ્વસ્થ અને સશક્ત સમાજનું નિર્માણ કરવાનો છે.

### બોડેલી પોલીસે 'સાયકલ ઓન સન્ડે' રેલી યોજી: 'ફિટ ઇન્ડિયા' અભિયાન હેઠળ સાયકલ રેલીનું આયોજન



**બોડેલી :** બોડેલી પોલીસે 'ફિટ ઇન્ડિયા મિશન પ્રોજેક્ટ' અંતર્ગત 'સાયકલ ઓન સન્ડે' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ હેઠળ બોડેલીમાં સાયકલ રેલી યોજવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ' અભિયાનને વેગ આપવા માટે ગુજરાત પોલીસે રાજ્યભરમાં 'સાયકલ ઓન સન્ડે' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા પોલીસે પણ એક સાયકલ રેલી યોજી હતી, જેમાં ૧૦ થી વધુ સાયકલિસ્ટો જોડાયા હતા. ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં આયોજિત 'સાયકલ ઓન સન્ડે' કાર્યક્રમના ભાગરૂપે, બોડેલી પોલીસ દ્વારા આજે સવારે સાયકલ રેલી યોજાઈ હતી. આ રેલીમાં સાયકલિસ્ટો અને પોલીસ વિભાગના જવાનોએ હેલ્મેટ અને ગિયર સાથે ભાગ લીધો હતો.

---

**મગરોની હાજરી અંગે વનવિભાગે તકેદારી લઇ યોગ્ય પગલા લેવા માંગ ઉઠી**

# કરજણના ઓઝ ગામે મગરનો ભોગ બનેલા યુવાનનું મોત : નર્મદા કિનારે શોકનો માહોલ

**પોલીસે** બનાવની નોંધ લઇ મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો



(પ્રતિનિધિ) કરજણ, તા.7
કરજણ તાલુકાના ઓઝ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં નર્મદા નદીમાં માછીમારી કરવા ગયેલા એક યુવાનને મગરે ખેંચી લેતા તેનું કરુણ મૃત્યુ થયું છે. આ ઘટનાએ સમગ્ર ગામ અને આસપાસના વિસ્તારોમાં શોક અને ચકચાર જગાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગામનો રાહુલ વસાવા નામનો યુવાન બપોરના સમયે નર્મદા નદીના કિનારે માછીમારી કરવા ગયો હતો. નદીના શાંત જણાતા પાણીમાં અચાનક જ એક મગરે તેના પર હુમલો કર્યો અને તેને પાણીમાં ખેંચી લીધો. આ ઘટના એટલી ઝડપથી બની કે યુવાનને બચવાની કોઈ તક મળી નહીં. આસપાસના લોકો અને સ્થાનિક નાવિકોને આ ઘટનાની જાણ થતાં જ તેઓએ તાત્કાલિક રાહુલની શોધખોળ શરૂ કરી. ભારે જહેમત બાદ યુવાનનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો, જે મગરના હુમલાનો સ્પષ્ટ સંકેત આપતો હતો. આ દ્રશ્ય જોઈને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. મૃતક રાહુલ વસાવાના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું છે. ગામલોકોમાં પણ ભય અને દુઃખનો માહોલ છવાયો છે. નર્મદા નદીમાં મગરોની હાજરી કોઈ નવી વાત નથી, પરંતુ આ પ્રકારનો જીવલેણ હુમલો ભાગ્યે જ જોવા મળે છે, જેણે સ્થાનિકોમાં ચિંતા વધારી છે. મરણ જનાર યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ (પી.એમ.) અર્થે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો છે, જ્યાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઘટના નદી કિનારે વસતા લોકો અને માછીમારો માટે એક ગંભીર ચેતવણી સમાન છે કે તેઓ નદીમાં પ્રવેશતી વખતે અત્યંત સાવચેતી રાખે અને મગરોની હાજરી અંગે સતર્ક રહે. વન વિભાગ દ્વારા પણ આ દિશામાં યોગ્ય પગલાં લેવાય તેવી ગ્રામજનોની માંગ છે,

---

# ગોરીયાદમાં રસ્તા પર ખાટલો રાખવાની બાબતે તકરારમાં ૩ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા.7
પાદરા તાલુકાના ગોરીયાદ ગામમાં રસ્તા પર ખાટલો રાખવાની બાબતે થયેલા ઝઘડામાં એક વ્યક્તિ અને તેના પુત્રને ઈજા પહોંચતા પાદરા પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે.

બનાવની વધુ વિગત પ્રમાણે જોવા જઈએ તો ગોરીયાદ ગામના વણકરવાસ વિસ્તારમાં રહેતા કેવલકુમાર નટવરભાઈ મકવાણા (ઉ.વ. ૩૪) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર ગામમાં શેરી રસ્તા ઉપર મિનેશભાઈ ઉર્ફે જીગો જસુભાઈ વસાવા ખાટલો ઢાળી સૂતા હતા. તે દરમિયાન ફરિયાદીના પિતા નટવરભાઈ ડાહ્યાભાઈ મકવાણા એક્ટિવા લઈને ત્યાંથી પસાર થતા રસ્તો અવરોધિત હોવાની બાબતે બોલાચાલી થઈ હતી.

આ બાબતને લઈને ઉગ્ર બનેલા ઝઘડામાં આરોપી મિનેશભાઈએ ફરિયાદી તથા તેમના પિતા સાથે ગાળો બોલી મારામારી કરી હતી. આરોપીએ લાકડાના ડફણાનો ફટકો નટવરભાઈના કપાળના ભાગે માર્યો હતો તેમજ ફરિયાદી કેવલકુમારના માથાના ભાગે બે ફટકા મારી ગંભીર ઈજા પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ઝવરબેન મિનેશભાઈ વસાવા અને મનુભાઈ ઉર્ફે ગફો જીવણભાઈ વસાવાએ ઝઘડા દરમિયાન ફરિયાદીને પકડી રાખી આરોપીને મદદગારી કરી હતી. બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

**કાલોલ એસટી ડેપોમાં ગંદકીનું સામ્રાજ્ય**

# શૌચાલયની અસહ્ય દુર્ગંધથી મુસાફરો અને કેન્ટીન સંચાલક ત્રાહિમામ



(પ્રતિનિધિ) કાલોલ, તા.7
પંચમહાલ જિલ્લાના મહત્વના તાલુકા મથક એવા કાલોલ શહેરનું એસટી બસ સ્ટેશન હાલ તંત્રની ઘોર બેદરકારીનો ભોગ બન્યું છે. સ્માર્ટ સિટી અને સ્વચ્છતા અભિયાનના મોટા-મોટા દાવાઓ વચ્ચે કાલોલ એસટી ડેપોમાં પાયાની સુવિધાઓનો તદ્દન અભાવ જોવા મળી રહ્યો છે. ડેપો પરિસરમાં આવેલા જાહેર શૌચાલયમાં નિયમિત સાફ-સફાઈ ન થવાને કારણે ભારે ગંદકી અને અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.
બસની રાહ જોઈને ઉભેલા વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને મોઢે રૂમાલ ઢાંકીને ઊભા રહેવાની નોબત આવી છે. તાલુકા કક્ષાના આ વ્યસ્ત બસ સ્ટેશન પર રોજની સેંકડો બસો અને હજારો મુસાફરોની અવરજવર રહે છે, છતાં તંત્ર દ્વારા આવી પાયાની સગવડ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે m આ ગંદકીની સીધી અસર ડેપો પરિસરમાં જ આવેલી એસટી વિભાગની કેન્ટીન પર પણ પડી રહી છે. શૌચાલયની બિલકુલ નજીક કેન્ટીન આવેલી હોવાથી ત્યાં સુધી અસહ્ય વાસ ફેલાય છે. આના કારણે કેન્ટીનમાં ખાણી-પીણીની વસ્તુઓ ખરીદતા મુસાફરોના સ્વાસ્થ્ય સામે પણ મોટું જોખમ ઊભું થયું છે અને રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

---

**ફતેપુરા તાલુકાના કરોડિયા પૂર્વની ઘટના**

# 23 વર્ષીય યુવાનની રહસ્યમય સંજોગોમાં કૂવામાંથી લાશ મળી



(પ્રતિનિધિ) સુખસર, તા.7
ફતેપુરા તાલુકાના કરોડીયા પૂર્વના ગડા કટારા ફળિયું ગામે 23 વર્ષીય આશાસ્પદ યુવાન અશ્વિન બારીયાનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં કૂવામાંથી મળી આવતા પરિવાર સહિત ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે.આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૃતક અશ્વિન હરસિંગભાઈ રંગાભાઈ બારીયાના પુત્ર હતો. તેઓ ગત 6 જૂન 2026 ના રોજ બપોરે જમીને ઘરેથી બહાર ગયા હતા.રાત સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી અને તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો જ્યારે તેના મોબાઈલ ઉપર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. બીજા દિવસે સવારે પણ અશ્વિનભાઈની શોધખોળ ચાલુ હતી ત્યારે લગભગ છ વાગ્યે અશ્વિનના પિતા કૂવા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમને કૂવા નજીકથી અશ્વિનના ચંપલ અને પાકીટ બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા.આ જોઈને તેમણે તાત્કાલિક પરિવારજનો અને ગ્રામજનોને જાણ કરી હતી. ગ્રામજનો અને પરિવારજનોએ ભેગા મળી કૂવામાં તપાસ કરતાં અશ્વિનભાઈનો મૃતદેહ પાણીમાં તરતો જોવા મળ્યો હતો.આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ટીમ અને સ્થાનિકોની મદદથી મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે ફતેપુરા સરકારી દવાખાનાના પી.એમ રૂમ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

---

**કેનાલ પાસેથી બાઈક અને મોબાઈલ મળી આવી**

# વાસણા કોતરીયા ગામનો યુવાન રહસ્યમય સંજોગોમાં ગૂમ થયો



(પ્રતિનિધિ) સાવલી, તા.7
વડોદરા જિલ્લાના સાવલી તાલુકા નજીક આવેલા વાસણા કોતરીયા ગામના ૨૮ વર્ષીય યુવાનના રહસ્યમય રીતે ગુમ થવાની ઘટનાએ પરિવારજનો તેમજ સ્થાનિક વિસ્તારમાં ચિંતા ફેલાવી છે. ગુમ થયેલા યુવાનની મોટરસાયકલ અને મોબાઈલ ફોન આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ખાખનપુર કેનાલ પાસેથી બિનવારસી હાલતમાં મળી આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા તાલુકાના વાસણા કોતરીયા ગામના સેવાસી ફળિયામાં રહેતા રાજુભાઈ લક્ષ્મણભાઈ વાળંદ (ઉ.વ. ૨૮), જે નોકરી કરતા હતા, તેઓ ગત ૫ જૂનના રોજ સવારે આશરે ૮ વાગ્યે ઘરેથી ટિફિન લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ પોતાની મોટરસાયકલ (નંબર GJ-06-LH-3403) પર ઘરેથી નીકળ્યા બાદ નોકરીના સ્થળે પહોંચ્યા ન હતા તેમજ ઘરે પણ પરત ફર્યા ન હતા. પરિવારજનોએ વિવિધ સ્થળોએ શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન રાજુભાઈની મોટરસાયકલ તથા મોબાઈલ ફોન આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ખાખનપુર કેનાલ નજીક બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા.

---

**પોલીસે સ્થળ પરથી ૮ શખ્સોની ધરપકડ કરી**

# કરજણના સણીયાદમાં ગૌચર જમીન પર જુગારધામ ઝડપાયું

(પ્રતિનિધિ) કરજણ, તા.7
વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના સણીયાદ ગામમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ગામના તળાવ પાસે આવેલી સરકારી ગૌચરની જમીન પર ખુલ્લેઆમ જુગારધામ ધમધમી રહ્યું હતું. વલણ પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને આ જુગારધામનો પર્દાફાશ કર્યો છે, જેમાં આઠ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક આરોપી ફરાર થવામાં સફળ રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વલણ પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે સણીયાદ ગામના તળાવ નજીક આવેલી ગૌચરની જમીન પર કેટલાક ઈસમો નાણાંનો જુગાર રમી રહ્યા છે અને અન્યોને પણ જુગાર રમાડી રહ્યા છે. આ બાતમીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલણ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને દરોડાનું આયોજન કર્યું હતું. પોલીસે ઘટનાસ્થળે છાપો મારતા જુગાર રમી રહેલા આઠ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જોકે, એક આરોપી પોલીસને ચકમો આપીને ફરાર થવામાં સફળ રહ્યો હતો. પોલીસે ઝડપાયેલા શખ્સોની અંગઝડતી કરતા કુલ ૧૧,૮૦૦ રોકડા મળી આવ્યા હતા, જ્યારે દાવ પર લાગેલા ૬,૦૫૦ પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

---

**એપ્રિલ મહિનાની ફરિયાદ અને સ્મૃતિપત્ર છતાં કોઈ કાર્યવાહી નહિ**

# પઢીયાર ગામે નાળાના કામમાં સત્તાનો દુરુપયોગ, સરપંચને છાવરતું તંત્ર

(પ્રતિનિધિ) ગોધરા, તા.7
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં ૨.૮૩ લાખના ખર્ચે બનેલા નાળાના ભ્રષ્ટાચારમાં નવો અને અત્યંત ચોંકાવનારો વળાંક આવ્યો છે. બે દિવસ પહેલા આ જર્જરિત નાળા પરથી માત્ર એક ટ્રેક્ટર પસાર થતાં જ સિમેન્ટના પોપડા ઉખડી ગયા . સત્તાધીશોએ આ ભ્રષ્ટાચારનો જીવતો પુરાવો છુપાવવા માટે રાતોરાત તૂટેલા નાળા પર બે ટ્રેક્ટર માટી નાખી દીધી છે. આશ્ચર્યની વાત એ છે કે રસ્તાની બાજુમાં જ મોટો ખાડો હોવા છતાં ત્યાં માટી નાખવાને બદલે ભ્રષ્ટાચાર પર પડદો પાડવા માટીનો ઉપયોગ કરાયો.

આ સમગ્ર પ્રકરણમાં વહીવટી તંત્રની ગુનાહિત ઢીલાશ ખુલ્લી પડી છે. ગામના જાગૃત નાગરિકે ગત એપ્રિલ માસમાં જ આ અંગે વિગતવાર પુરાવા સાથે ફરિયાદ કરી હતી. જેની તપાસ વિકાસ શાખાને સોંપાઈ હતી. વિકાસ શાખાએ ગત તા. ૭/૪/૨૦૨૬ ના રોજ તાલુકા વિકાસ અધિકારીને તપાસ કરી અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો હતો. રિપોર્ટ ન આવતા અંતે તા. ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ સ્મૃતિપત્ર પાઠવી માત્ર દિન-૨ માં અહેવાલ માંગ્યો હતો. અધિકારીઓની આ નિષ્ક્રિયતા સ્પષ્ટ ઈશારો કરે છે કે મેરી પંચાયત એપના પુરાવા મુજબ પંચાયત ધારાનો ભંગ કરી પોતાના જ નામે પેમેન્ટ વટાવનાર સરપંચ રાઉલજી હરેન્દ્રસિંહ રામસિંહને સીધી રીતે છાવરવામાં આવી રહ્યા છે તેવા આક્ષેપ થયા છે.

---

**ઓવરલોડ મુસાફરો વહન કરતી ગાડીઓ સામે RTOની લાલઆંખ**

# રંગપુર અને છોટાઉદેપુર ક્ષેત્રમાંથી ૬ વાહનો ડિટેન કરી દેવાયા

નિયમભંગ કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7
છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર અને ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરીને દોડતા વાહનો સામે પ્રાદેશિક પરિવહન વિભાગ (RTO) દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. RTOની ટીમે રંગપુર અને છોટાઉદેપુર આસપાસના વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ ડ્રાઈવ યોજીને નિયમોનું ઉલ્લંઘન કરતી ૬ જેટલી ગાડીઓ ઝડપી પાડી છે. આ તમામ વાહનો સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ એક દિવસ અગાઉ જ આ વિસ્તારમાં મજૂરોથી ખિચોખિચ ભરેલી એક ઓવરલોડ તુફાન ગાડીનો ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટના બાદ સફાળે જાગેલા વહીવટી તંત્ર અને RTO વિભાગે તાબડતોબ એક્શન મોડમાં આવીને હાઈવે પર ચેકિંગ સઘન બનાવ્યું છે.

મધ્યપ્રદેશ અને ગુજરાતના સરહદી વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં ખેત મજૂરો રોજગારી માટે સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ તરફ સ્થળાંતર કરતા હોય છે. ખાનગી વાહન ચાલકો વધુ કમાણી કરવાની લાલચમાં ક્ષમતા કરતા બમણા મુસાફરો ગાડીઓમાં ભરે છે. મજૂરોના જીવના જોખમે દોડતા આવા વાહનો સામે હવે RTOએ આકરી તવાઈ બોલાવી છે. આ અંગે RTO અધિકારીએ જણાવ્યું હતું કે, "મધ્યપ્રદેશ અને ગુજરાતની બોર્ડર પરથી નિયમ વિરુદ્ધ મુસાફરોનું વહન કરતા વાહનોને સાંખી લેવામાં નહીં આવે.

---

# ખંડેરાવપુરા નજીક અકસ્માતમાં બેને ગંભીર ઈજા

પાદરા : પાદરા તાલુકાના વડદલા ગામ ખાતે નાગેશ્વર મંદિર પાછળ રહેતા મીરલબેન ક્રિપાલસિંહ રાઠોડ (ઉ.વ. ૩૦) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર તા. ૦૫ જૂન, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૩:૫૦ વાગ્યે ખંડેરાવપુરા ગામ નજીક ONGC કૂવા પાસે ખોરજા તળાવડી વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો. ફરિયાદ મુજબ મહિપતસિંહ જાલમસિંહ જાદવ, રહે. ખંડેરાવપુરા, પોતાની મોટરસાઈકલ પુરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી લતીપુરાથી ખંડેરાવપુરા તરફ આવી રહ્યા હતા. દરમિયાન તેમણે સામેથી આવી રહેલી મોટરસાઈકલ સાથે અકસ્માત કર્યો હતો. અકસ્માતમાં ફરિયાદીના પતિ ક્રિપાલસિંહ નરેન્દ્રસિંહ રાઠોડને જમણા હાથ અને જમણા પગમાં ગંભીર ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે પાદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# છોટાઉદેપુરમાં પ્રથમવાર યોજાયો ગીતાબેન રબારીનો ભવ્ય ડાયરો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7
છોટાઉદેપુરના આંગણે ગતરોજ પ્રથમવાર 'કચ્છની કોયલ' તરીકે જાણીતા પ્રખ્યાત લોકગાયિકા ગીતાબેન રબારીના ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંવરિયા પાર્કના શુભારંભ પ્રસંગે યોજાયેલા આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કોકિલકંઠી ગીતાબેન રબારીને સાંભળવા માટે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. હજારો લોકોની જનમેદનીથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સાહસભર બની ગયું હતું. અશોકભાઈ અજમેરા પરિવાર દ્વારા આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં આધ્યાત્મિક અને રાજકીય ક્ષેત્રના અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

---

**(નમુનો-ખ (જુઓ નિયમ-૪)**

**ગુજરાત સિનેમા નિયમો, ૨૦૧૪ના નિયમ ૪ હેઠળની નોટીસ**

શ્રી શબ્બીરભાઈ સાદકના પુત્ર શ્રી તનવીરહુસેન સાદક ઉંમર-૪૫, જિલ્લો.છોટાઉદેપુર, તા.બોડેલી, ના રહેવાસી તાજ સિનેમા તેણે જિલ્લા.છોટાઉદેપુર, તા.બોડેલી, ગામ.બોડેલીમાં શ્રી તનવીરહુસેન શબ્બીરભાઈ સાદકની આર.એસ.નંબર ×, સી.એસ.નંબર ૧૭૬૨, વોર્ડ નંબર ૦૩ વાળી અને નીચેની ચતુ:સીમાવાળી જમીન ઉપર કાયમી સિનેમાના સ્થળ માટે "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવવા માટે મને અરજી રેલ છે. ઉત્તર:- ચાંદમહંમદ યુસુફભાઈ ઠાલવાળાની મિલકત નં-૧૭૫૬ દક્ષિણ:- પટેલ રણછોડભાઈ જીવાભાઈની મિલકત નં-૧૭૭૨ પૂર્વ:- કનૈયાલા પ્રભુદાસની મિલકત નં-૧૭૭૩ પશ્ચિમ:- સરકારી મિલકત નં-૧૭૬૧ આથી નોટીસ આપવામાં આવે છે કે ઉપરોક્ત "ના-વાંધા પ્રમાણપત્ર" આપવા અંગે કોઈપણ વાંધો લેનાર વ્યક્તિએ પોતાનો વાંધો, નીચે સહી કરેલા અધિકારીને સન-૨૦૨૬ ના જુલાઈ મહિનાની 3 તારીખ સુધીમાં લખી મોકલવો જોઈશે. તે તારીખ પછી મળેલા કોઈપણ વાંધા પર વિચારણા કરવામાં આવશે નહી. સન-૨૦૨૬ ના જુન મહિનાની ૦૪ તારીખે મારી સહીથી આપ્યું.....

(ગાર્ગી જૈન, IAS) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર